C.C.NO.57426/2017. (1)

કેસ દાખલ તારીખ:૦૫/૦૭/૨૦૧૭
રજી.થયા તારીખ:૦૫/૦૭/૨૦૧૭
ફેસલ કર્યા તારીખ: ૦૨/૦૪/૨૦૧૯
સમય ગાળો:વર્ષ..... માસ..... દિવસ...

મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબર:૧૯.માં.,મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબર:૫૭૪૨૬/૨૦૧૭.
આંક-

ફરીયાદી:- શ્રી સરકાર.

વિરૂદ્ધ.

આરોપી:- પિયુષ ઉર્ફે નાનીયો ગોપાલદાસ હંસરાજભાઈ ચૌહાણ.
ઉં.વ.૫૩, રહે.મોટી જડીયાવાડ, વાડીગ્રામ,
પ્રેમદરવાજા પાસે, દરીયાપુર, અમદાવાદ.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી રાજેશ ગોગરા.
આરોપી તરફે વિ.વ.શ્રી પી.પી.ચુનારા.

---

ગુનો:-ઈ.પી.કો.કલમ: ૩૮૦ મુજબ .

---

Scanned with CamScanner

# જજમેન્ટ

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૧/૦૭/૨૦૧૭ થી અગીયારેક મહીના પહેલા સવારના ૫.૦૦ વાગ્યાથી ૬.૦૦ વાગ્યા દરમ્યાન ફરીયાદીશ્રીના ૭૯/૯૩૭ પંચવટી એપાર્ટમેન્ટ ફરીયાદીશ્રીના ખુલ્લા મકાનમાં પ્રવેશ કરી સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કિ.રૂા. ૧૦,૦૦૦/- ગણાય તે ચોરી કરી લઈ જઈ પાછળથી મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ગુનો કરેલ હોવા બાબાતની ફરીયાદ ફરીયાદીએ આરોપી વિરૂદ્ધ નોંધાવતા ફરીયાદના આધારે તપાસનીસ અધિકારીએ કાયદેસરની તપાસ કરતા આરોપી સામે પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપી સામે ગુના સબબે આંકઃ૦૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે જ્યારે આંકઃ ૦૪ થી ગુના સંબધે પ્લી નોંધવામાં આવેલ છે તેમાં આરોપીને તહોમતનામાની હકીકતો વાંચી સંભળાવી સમજાવવામાં આવતા તેમની સામેના આક્ષેપોની હકીકતોનો ઈન્કાર કરી ગુનો કબુલ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

Scanned with CamScanner

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | ફરીયાદી સતરામભાઈ આનારામ ઘાંચીની જુબાની | ૦૫ |
| ૨ | પંચ સાહેદ લક્ષ્મણભાઈ બળદેવભાઈ ઠાકોરની જુબાની | ૦૭ |

| (બી) દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | ચાર્જ અમલદાર રીપોર્ટ | ૦૬ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૦૮ |
| ૨ | કલોઝીંગ પુરસીસ | ૦૯ |

(૪) ફરીયાદ પક્ષે મુળ ફરીયાદી દ્વારા આંકઃ ૦૯ થી કલોઝીંગ પુરસીસ રજુ થતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે આરોપીઓનુ વિશેષમાં નીવેદન નોંધવા લાયક પુરાવો ન હોય નોંધવામાં આવેલ નથી.

(૫) શ્રી સરકાર પક્ષે વિ.એપીપીશ્રીનાઓને સાંભળ્યા. આરોપી પક્ષે વિ.વકીલશ્રી સુનવણી અર્થે ગેરહાજર રહેલ છે.

(૬) ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

Scanned with CamScanner

-૦ મુદ્દા ૦ -

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૧/૦૭/૨૦૧૭ થી અગીયારેક મહીના પહેલા સવારના ૫.૦૦ વાગ્યાથી ૬.૦૦ વાગ્યા દરમ્યાન ફરીયાદીશ્રીના ૭૯/૯૩૭ પંચવટી એપાર્ટમેન્ટ ફરીયાદીશ્રીના ખુલ્લા મકાનમાં પ્રવેશ કરી સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કિ.રૂા. ૧૦,૦૦૦/- ગણાય તે ચોરી કરી લઈ જઈ પાછળથી મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ઈ.પી.કો.કલમઃ ૩૮૦ મુજબના ગુનાઓ કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

-ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ઃ-

મુદ્દા નંબરઃ-૧

ફરીયાદ પક્ષ તરફથી આરોપી વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ ૩૮૦ મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલા

Scanned with CamScanner

પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

(૮) ફરીયાદ પક્ષે આંકઃ ૦૮ થી ફરીયાદી સતરામભાઈ આનારામ ઘાંચીનાઓને તપાસવામાં આવેલ છે. ફરીયાદીએ સોગંદ ઉપર એવી હકીકત જણાવેલ છે કે, તેઓ પંચવટી એપાર્ટમેન્ટ ઘાટલોડીયા રહે છે અને ૨૦૧૬-૧૭ ના અરસામાં તેઓ રાત્રે ઘરે સુતા હતા. સવારે પાંચેક વાગ્યે એલારામ વાગેલું. ફરીથી છએક વાગ્યે જોતા તેઓનો સેમસંગ કંપનીનો મોડલ નં. એ-૭ ગોલ્ડ કલરનો મોબાઈલ રાખેલ જગ્યાએ પડેલ હતો નહી અને જે તે વખતે તેઓની પાસે આઈ.એમ.ઈ.આઈ. નંબર ન હોય જેથી ફરીયાદ કરવા ગયેલો નહી. રાજેસ્થાન જતો રહેલો. ત્યારબાદ બોક્સ મળતા પોતે મોબાઈલ ચોરી અંગેની ફરીયાદ ઘાટલોડીયા પો.સ્ટે. માં ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેઓને બતાવવામાં આવે તો તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જેને રજુ દાખલ આંકઃ ૦૬ આપવામાં આવેલ છે. ફરીયાદ બાદ તેઓનો મોબાઈલ મળી ગયેલો છે તેવી પો.સ્ટે. માં જાણ કરતા નામદાર કોર્ટના ઓર્ડરથી મોબાઈલ મેળવેલ છે. આ મોબાઈલ કોણે કેવી રીતે ચોરેલો કોની પાસેથી કબજે થયેલો તેની કોઈ માહીતી નથી. આ કેસ પુરો થઈ જાય તો તેઓને કોઈ વાંધો તકરાર નથી. આરોપી પક્ષના વિ.વકીલશ્રી હાજર ન હોય ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૯) ફરીયાદ પક્ષે આંકઃ ૦૭ થી પંચ સાહેદ લક્ષ્મણભાઈ બળદેવભાઈ ઠાકોરનાઓને તપાસવામાં આવેલ છે. પંચ સાહેદે સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, ગઈ તા. ૧૫/૦૭/૨૦૧૭ ના રોજ પોલીસે

Scanned with CamScanner

તેઓને એક લખેલા તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા પોતે પંચ નં.૧ તરીકે સહી કરેલી હતી. તેઓની હાજરીમાં પોલીસે બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ નથી. તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે તો તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે બનાવવાળી જગ્યાના પંચનામાને રજુ દાખલ આંકઃ ૦૮ આપવામાં આવેલ છે. પંચ સાહેદ ફરીયાદ પક્ષની હકીકતનો સમર્થનકારી પુરાવો આપતા ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રીનાઓ દ્વારા માંગવામાં આવેલી પરવાનગીના આધારે પરવાનગી મળતા હોસ્ટાઈલ પંચ સાહેદ તરીકે જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ પંચ સાહેદે ફરીયાદ પક્ષની હકીકતનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આરોપી પક્ષના વિ.વકીલશ્રી હાજર ન હોય ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

આમ,ફરિયાદ પક્ષે રજુ કરવામાં આવેલ આંકઃ૦૮ થી બનાવવાળી જગ્યાનું પંચનામું પુરવાર થયેલ નથી તેમજ ફરિયાદીએ પણ હાલના આરોપીને અદાલત સમક્ષ ઓળખી બતાવેલ નથી તેથી હાલના ચોરીના બનાવને આરોપી સાથે સાંકળવા માટેનો પુરાવો અદાલત સમક્ષ આવેલ નથી. મૂળ ફરિયાદી દ્વારા આંકઃ ૦૯ થી વિશેષ પુરાવો તપાસવા માંગતા ન હોવાની રજુ કરેલ છે .આરોપી પક્ષે વકીલશ્રી દ્વારા બનાવાળી જગ્યાના પંચનામાને આકિ પાડવામાં વાંધો ન હોવાનો શેરો કરેલ હોવાથી પંચનામાં ને આકે પાડવામાં આવેલ છે પરંતુ અદાલત સમક્ષ બનાવ સમયે હાલના આરોપીએ બનાવ સ્થળ ઉપર હાજર રહી ફરીયાદીનો મોબાઈલની ચોરી કરેલ હતી તેવું પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ થયેલ નથી જેથી મુદ્દા

Scanned with CamScanner

નંબર ૧ નો ઉત્તર નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

-ઃ આ ખ રી હુ ક મ ઃ-

(૧) આરોપી પિયુષ ઉર્ફે નાનીયો ગોપાલદાસ હંસરાજભાઈ ચૌહાણ ઉં.વ.૫૩, રહે.મોટી જડીયાવાડ, વાડીગ્રામ, પ્રેમદરવાજા પાસે, દરીયાપુર, અમદાવાદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમઃ ૩૮૦ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂ.૫૦૦૦ નાં જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ રાખવો.

(૩) મુદ્દામાલ મોબાઈલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખઃ ૦૨ માહે એપ્રિલ સને-૨૦૧૯ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૧૯.અમદાવાદ.
કોડ નં.જીજે.૦૦૮૪૯

મુકામઃઅમદાવાદ
તા.૦૨/૦૪/૨૦૧૯

એમ.ટી.દેસાઈ.

Scanned with CamScanner